| | |
|---|---|
| GJMR020056322026 | **<u>મોરબી સીટી બી ડિવી. પોલીસ સ્ટેશન પાર્ટ(એ)ગુના રજી.નં. ૧૧૧૮૯૦૦૪૨૩૦૮૨૧/૨૦૨૩ ઈ.પી.કો. ની કલમ–૧૨૦ (બી), ૨૦૦, ૪૨૦, ૪૬૫, ૪૬૬, ૪૬૭, ૪૬૮, ૪૭૧ મુજબના કામે આરોપી નિતીનભાઈ ડાહ્યાભાઈ પટેલ રહેવાસી. ગીતા મંદિર, એસ.ટી. ડેપો પાસે, તા.જી.અમદાવાદનાઓની જામીન અરજી લગત હુકમ.</u>** |

(૧) જામીન અરજી વંચાણે લીધી. રજુ પોલીસ પેપર્સ વંચાણે લીધા. તેમજ આરોપીના વિ.વકીલશ્રી એમ.એન.સાંગાણી તથા ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી એન.આર.સિંહનાઓને સાંભળ્યા.

(૨) આ કામના આરોપીના વિ.વકીલશ્રી એમ.એન.સાંગાણી જણાવે છે કે આરોપીઓ તદ્દન નિર્દોષ છે, આરોપીને ખોટી રીતે ગુનામાં સંડોવી દેવામાં આવેલ છે, સદર આરોપી ઘણાં સમયથી જેલમાં છે. સદર કામે નામદાર કોર્ટમાં ચાર્જશીટ થઇ ગયેલ છે. જેનો ફોજદારી કેસ નં. ૫૧૯૮/૨૦૨૩ થી નામદાર કોર્ટમાં ટ્રાયલ ચાલે છે. આરોપી તરફે વધુમાં જણાવેલ છે કે, સદર કામે મુખ્ય આરોપી દિનેશભાઈ ભાણજીભાઈ વાઢેરનાઓને નામદાર ગુજરાત હાઇકોર્ટ ધ્વારા જામીન ઉપર મુકત કરેલ છે. તેમજ અન્ય આરોપીને નામદાર સેશન્સ અદાલતમાં રેગ્યુલર જામીન ઉપર મુકત કરવામાં આવેલ છે. આરોપી તરફે વધુમાં જણાવેલ છે કે, આરોપી નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવા ખુશી છે, આરોપી તેઓના કુટુંબના એકમાત્ર કમાનાર વ્યકિત છે જેથી આરોપીને જામીનમુકત કરવા અરજ કરેલ છે.

(૩) ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી એન.આર.સિંહની રજુઆત છે કે, સદર કામે ગુનાની વિગત જોતાં, આ કામના અન્ય આરોપીની હીટાચી મશીન વાંકાનેર સીટી પોલીસ સ્ટેશન ખાતે કબ્જે કરેલ હોય જે છોડાવવા માટે નામદાર ગુજરાત હાઈકોર્ટના શરત મુજબ સોલવંશી જામીન મોરબી

કોર્ટમાં રજૂ કરવાનો હુકમ થયેલ હતો. જેથી આ કામના આરોપીઓએ એકસંપ થઈ ગુનાહિત કાવતરું રચી આરોપી નં. ૧ના નામનો દારપણનો દાખલો ખોટો ઉભો કરી બનાવટી હોવાનું પોતે જાણતાં હોવા છતાં ખરા તરીકે કિંમતી જામીનગીરી કરીને મોરબીના નામદાર કોર્ટમાં રજૂ કરી આ આરોપીઓએ નામદાર કોર્ટ સામે છેતરપિંડી અને વિશ્વાસઘાત કરેલ છે. સદર ગુન્હામાં હાલના આરોપી ધ્વારા નામદાર કોર્ટમાં ખોટું સોલવંશી રજૂ કરવામાં આવેલ છે. હાલમાં ગુન્હાની ટ્રાયલ ચાલુ છે. સદર સોલવંશી સર્ટીફિકેટમાં જે લખાણ છે તે હાલના આરોપીનું છે. આરોપીને જામીન મુકત કરવામાં આવશે તો ટ્રાયલ દરમિયાન હાજર રહેશે નહી તેવી પુરી શક્યતા છે કારણ કે, આરોપી સ્થાનિક રહેવાસી નથી. વધુમાં, આરોપીને જામીન મુકત કરવામાં આવશે તો સાહેદોને ધાકધમકી, લોભલાલચ આપી, ડરાવી–ધમકાવી ફોડવાનો પ્રયત્ન કરી ફરિયાદ પક્ષને નુકસાન પહોંચાડે તેમ છે. આરોપી સામે આક્ષેપાયેલ ગુનો સમાજ વિરુધ્ધનો ગંભીર પ્રકારનો ગુનો છે. જો જામીન ઉપર છોડવામાં આવે તો ફરીયાદ પક્ષના પુરાવા ઉપર ગંભીર અસર થાય તેમ છે જેથી ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ આરોપીની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૪) ઉભય પક્ષકારોની રજુઆત, હાલની અરજીમાં જણાવેલ કારણો, હકીકતો, ગુનો, ગુનાનો પ્રકાર, ગુનામાં સંભવિત સજા તથા આક્ષેપાયેલ ગુનામાં સજાની જોગવાઈ વિગેરે લક્ષમાં લીધેલ છે. આ કામે ફરીયાદ હકીકત લક્ષમાં લેવામાં આવે તો સદર કામે ગુનાની વિગત જોતાં, આ કામના અન્ય આરોપીની હીટાચી મશીન વાંકાનેર સીટી પોલીસ સ્ટેશન ખાતે કબ્જે કરેલ હોય જે છોડાવવા માટે નામદાર ગુજરાત હાઈકોર્ટના શરત મુજબ સોલવંશી જામીન મોરબી કોર્ટમાં રજૂ કરવાનો હુકમ થયેલ હતો. જેથી આ કામના આરોપીઓએ એકસંપ થઈ ગુનાહિત કાવતરુ રચી આરોપી નં. ૧ના નામનો દારપણનો દાખલો ખોટો ઉભો કરી બનાવટી હોવાનું પોતે જાણતાં હોવા છતાં ખરા તરીકે કિંમતી જામીનગીરી કરીને મોરબીના નામદાર કોર્ટમાં રજૂ કરી આ

આરોપીઓએ નામદાર કોર્ટ સાથે છેતરપિંડી અને વિશ્વાસઘાત કરેલ છે. સદર કામે ગુન્હાની વિગત જોતાં આ કામના આરોપીએ અગાઉ જામીન અરજી રજૂ કરતાં તેઓની જામીન અરજી નામંજૂર કરવામાં આવેલ હતી. વધુમાં, સદર આરોપીએ અગાઉ પેરીરીના ગ્રાઉન્ડ ઉપર તથા અન્ય જે જામીન અરજી દાખલ કરેલ તે પુરોગામી નામદાર જજશ્રી દ્વારા નામંજુર કરવામાં આવેલ હતી. વધુમાં ચાર્જશીટ દાખલ થયા બાદ પણ જામીન અરજી દાખલ કરેલ તે પણ પુરોગામી જજશ્રી દ્વારા નામંજુર કરવામાં આવેલ છે. અગાઉ નામદાર સેશન્સ અદાલત દ્વારા પણ સદર આરોપીની જામીન અરજી નામંજુર કરવામાં આવેલ છે. ત્યાર બાદ ચાર્જશીટ રજુ થયાં સીવાય બીજા કોઈ સંજોગોમાં બદલાવ આવેલ નથી. વધુમાં, સદર કામે જે સોલવંશી સર્ટીફિકેટ રજુ કરવામાં આવેલ છે તેમાં લખાણ સદર આરોપીનું છે. વધુમાં, આરોપીએ પોતાના હસ્તલખાણથી સર્ટીફિકેટ લખી આપ્યું છે. સદર આરોપી ધ્વારા કોર્ટમાં બનાવટી દસ્તાવેજ રજુ કરવામાં આવેલ છે. આમ, સદર આરોપી ધ્વારા કોર્ટ સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરેલ હોવાનો આક્ષેપ છે. સદર આરોપીનો ગુનામાં મુખ્ય અને એકટીવ રોલ છે. હાલમાં અન્ય આરોપીઓ કરતાં સદર આરોપીની વધુ સક્રિય ભુમિકા જણાય આવે છે. સદર આરોપીનાઓએ દારપણના દાખલામાં રહેલ હસ્તલખાણ તથા સર્કલ ઓફિસર તાલુકો સીટી નરોડા તથા નાયબ મામલતદાર સીટી તાલુકા અમદાવાદ તથા સીટી મામલતદાર અમદાવાદનાઓને હોદ્દાના સિકકા ઉપર રહેલ સહીઓ પોતે જાતેથી ખોટી કરેલ હોવાનો આક્ષેપ છે. આમ, સદર આરોપીનો સદર ગુન્હામાં એકટીવ અને મુખ્ય રોલ રહેલો છે. આરોપી સામે આક્ષેપાયેલ ગુનો સમાજ વિરૂધ્ધનો ગંભીર પ્રકારનો ગુનો છે. નામદાર વડી અદાલત તથા નામદાર સુપ્રીમ કોર્ટ ધ્વારા જામીન અરજી સંબંધે વિવિધ ચુકાદાઓ ધ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંતોને લક્ષમાં લેવામાં આવે તો, જામીન અરજીનો નિર્ણય કરતી વખતે ગુનાની ગંભીરતા, આરોપીએ ભજવેલ ભાગ, તેમજ જામીન મુકત થયા બાદ ટ્રાયલ વખતે આરોપી હાજર રહેશે કે કેમ? તેમજ સમાજનું અને રાજયનું હિત ધ્યાને રાખી નિર્ણય કરવો જોઈએ.

આમ, આરોપી સામેનો આક્ષેપ લક્ષમાં લેતા અને ગુનાની ગંભીરતા લેતા તેમજ હાલના તબ્બકે આવા પ્રકારના ગુનાનું પ્રમાણ ખુબ જ વધી ગયું છે તેમજ ગુનો ગંભીર પ્રકારનો છે તથા સદર ગુન્હામાં મુખ્ય અને એકટીવ રોલ રહેલો છે જે લક્ષમાં લેતા હાલના આરોપીની જામીન અરજ લગત ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

મોરબી સીટી બી ડિવી. પોલીસ સ્ટેશન પાર્ટ(એ)ગુના રજી.નં. ૧૧૧૮૯૦૦૪૨૩૦૮૨૧/૨૦૨૩ ઈ.પી.કો. ની કલમ-૧૨૦ (બી), ૨૦૦, ૪૨૦, ૪૬૫, ૪૬૬, ૪૬૭, ૪૬૮, ૪૭૧ મુજબના કામે આરોપી નિતીનભાઈ ડાહ્યાભાઈ પટેલ રહેવાસી. ગીતા મંદિર, એસ.ટી. ડેપો પાસે, તા.જી.અમદાવાદનાઓની જામીન અરજી **નામંજુર** કરવામાં આવે છે.

હુકમ આજ તા.૦૬ મી માહે જુન સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખઃ- ૦૬/૦૬/૨૦૨૬.
મુ. મોરબી

**(તન્મય ગિરીશચંદ્ર શુકલ)**
એડિશનલ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ
ફર્સ્ટકલાસ ,મોરબી.
(Code no.GJ01105)

F. A. SHEKH